

## ‘એક ભારત - શ્રેષ્ઠ ભારત’ના ઉદ્‌ગાતા

# મોદીનો મહાવિજય

### ભાજપનો ઐતિહાસિક વિજય : કોંગ્રેસનો કચ્ચરઘાણ
### યુપીએનું ધોવાણ : લોકસભામાં ભાજપની સ્પષ્ટ બહુમતી

ગાંધીનગર, તા. ૧૬

દેશના ઈતિહાસમાં પ્રથમ વખત બીનકોંગ્રેસી પક્ષ ભારતીય જનતા પક્ષને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઈ છે. છેલ્લા પરિણામો મુજબ ભાજપનો ૨૮૪ બેઠકો પર વિજય થયો જ્યારે એનડીએને ૩૩૫ બેઠકો પ્રાપ્ત થતા એનડીએનો જવલંત વિજય થયો છે. કોંગ્રેસ પક્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ખુબ જ કંગાળ દેખાવ કોંગ્રેસનો રહ્યો છે. માત્ર ૪૭ બેઠકો કોંગ્રેસ પક્ષે મેળવી ભારે નિષ્ફળતા મળી છે. નવ રાજ્યોમાં કોંગ્રેસ એક પણ બેઠક મેળવી શકી નથી. જ્યારે બસપા, ડીએનકે, રાષ્ટ્રીય લોકદળ જેવા પક્ષોના સુપડા સાફ થઈ ગયા છે. જેમને એક પણ બેઠક મળી નથી. સમાજવાદી પક્ષ, જેડીયુ, આરજેડી, અકાલી દળ, એનસીપી જેવા પ્રાદેશીક પક્ષોના પણ સુપડા સાફ થયા છે. તૃણમુલ કોંગ્રેસ અને અન્ના ડીએમકેનો દેખાવ ઐતિહાસિક બનીગયો. મમતા બેનર્જીએ ૪૨માંથી ૩૪ બેઠકો અને જયલલિતાએ તામિલનાડુમાં ૩૯માંથી ૩૮ બેઠકો મેળવી વિક્રમ સર્જ્યો છે. આમ દેશભરમાં ભાજપનો જયજયકાર થયો છે. મોદીમય માહોલ સર્જાયો છે. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ આડવાણી, મુરલી મનોહર જોષી, રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, નિતીન ગડકરી, શત્રુઘ્નસિંહ જેવા નેતાઓ ભારે બહુમતીથી વિજયી બન્યા છે. જ્યારે કોંગ્રેસના કેન્દ્રિય મંત્રીઓનો કારમો પરાજય થયો છે. પંજાબ સિવાય આપનો કરૂણ રકાસ થયો છે.

ભારતીય જનતા પાર્ટીને યુપીમાં મળેલી બેઠકો કરતાં પણ કોંગ્રેસને ખૂબ જ ઓછી બેઠકો પ્રાપ્ત થઈ છે. ઉત્તર પ્રદેશમાં ભાજપને ૭૧ બેઠકો મળી છે જ્યારે સમગ્ર દેશમાં થઈને યુપીએને ૬૧ બેઠકો મળી છે. આમ યુપીએએ બેઠકો તો ગુમાવી છે અને બેઠકોની સાથે ઈજ્જત ગુમાવી છે. ડાબેરી પક્ષોનો સફાયો થયો છે.

કેરળમાં ભાજપે ખાતુ ખોલ્યું છે. તામીલનાડુમાં પણ ખાતું ખોલ્યું છે અને પશ્ચિમ બંગાળમાં પણ શરૂઆત થતા દેશના મોટાભાગના રાજ્યમાં ભાજપે બેઠકો મેળવી છે. જ્યારે કોંગ્રેસે સાત રાજ્યમાં એક પણ બેઠક મેળવી નથી. અને બાકીના રાજ્યોમાં બે આંકડામાં બેઠકો મેળવી શક્યું છે. આમ કોંગ્રેસનો કચ્ચરઘાણ થયો છે.

બસપા અને ડીએમકે જેવા એક વખતના શાસક પક્ષો એક પણ બેઠક મેળવવામાં નિષ્ફળ રહ્યા છે.

ચંદ્રાબાબુ નાયડુનો સન્માનજનક પુનઃ પ્રવેશ થયો છે. તો આશ્ચર્યજનક રીતે પંજાબના રાજકારણમાં ‘આપ’નો ઉદય થયો છે. બિહારમાં એક વખત જેમનો ભારે દબદબો હતો એવા લાલુ પ્રસાદ યાદવ અને વર્તમાન મુખ્યમંત્રી નીતિશકુમારનો કારમો પરાજય થયો છે.

પંજાબમાં અકાલીદળને પણ સારી એવી લપડાક પડી છે. તો નેશનલ કોંગ્રેસે જમ્મુ કાશ્મીરમાં ભારે નિષ્ફળતા મેળવી છે. ઓરિસ્સામાં બીજુ પટનાયક, પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી અને તામીલનાડુમાં જયલલિતાનો રૂઆબ યથાવત રહ્યો છે. બલ્કે વધ્યો છે.

કોંગ્રેસના કારમા પરાજયનો સ્વીકાર કરતા કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધીએ નૈતિક જવાબદારી સ્વીકારી હતી અને આગામી સરકારને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા.

પદનામિત મુખ્યમંત્રીએ વડોદરા ખાતે જાહેર સભામાં સૌની પરત્વે સમભાવ રખાશે, કોઈ પૂર્વગ્રહયુક્ત નિતી કે નિર્ણયો ઘડાશે નહિ એવો સંદેશ આપતા દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

| | | |
|---|---|---|
| એનડીએ | - | ૩૩૫ |
| યુપીએ | - | ૦૬૧ |
| ત્રીજો-ચોથો મોરચો | - | ૧૪૩ |
| આપ | - | ૦૦૪ |

## છેલ્લી સ્થિતિ

| | |
|---|---|
| ભાજપ | - ૨૮૨ |
| શીવસેના | - ૧૮ |
| ટીડીપી | - ૧૬ |
| લોજપા | - ૬ |
| અકાલીદળ | - ૪ |
| કોંગ્રેસ | - ૪૪ |
| એનસીપી | - ૬ |
| આરજેડી | - ૨ |
| જેએમએમ | - ૨ |
| યુડીએફ | - ૩ |
| તૃણમુલ કોંગ્રેસ | - ૩૪ |
| બીજેડી | - ૧૯ |
| એઆઈડીએમકે | - ૩૭ |
| એનસીપી | - ૬ |
| આપ | - ૪ |
| સીપીએમ | - ૯ |
| સીપીઆઈ | - ૧ |
| મુસ્લિમ લીગ | - ૨ |
| ટીઆરએસ | - ૧૧ |
| અપક્ષ અને અન્ય | - ૩૭ |


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૬ | ૧૭ મે, ૨૦૧૪, શનિવાર; વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


એક પળની જીંદગીમાં, મેં
જીવી લીધું ઘણું, જેના પૂરા
થવાની શર્ત નો’તી,
સાકાર થયું એ શમણું
- એસ.એમ.એસ.



માતૃદેવો ભવઃ - વડનગરથી વડાપ્રધાન પદની યાત્રામાં લક્ષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરનાર પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વિજયની પ્રથમ પળે માતુશ્રી હિરાબાની ચરણવંદના કરીને આશીર્વાદ મેળવ્યા હતા. ચરણસ્પર્શની આ પળ નરેન્દ્રભાઈ મોદી માટે તો મહત્વની છે જ પરંતુ સમાજને એ સંદેશ આપે છે કે, કોઈપણ વ્યક્તિ કોઈપણ પદ પર પહોંચે કે ગમે તેટલી પ્રતિષ્ઠા મેળવે પણ મા-બાપને પ્રથમ ચરણસ્પર્શ કરવા જોઈએ. આ ભારતીય સંસ્કૃતિના સંસ્કાર છે જેનો આ તસવીર સાક્ષાત્કાર કરાવે છે. *(તસવીર : દિપક જાની)*

## દેશભરમાં દિવાળી

- ગુજરાત-રાજસ્થાન-દિલ્હી-ઝારખંડ-હિમાચલ પ્રદેશ-ત્રિપુરા-ગોવામાં કોંગ્રેસનું ખાતુ ન ખુલ્યુ
- દેશના કોઈ રાજ્યમાં કોંગ્રેસને બે આંકડામાં બેઠકો ન મળી.
- તામિલનાડુમાં જયલલિતા અને પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીનો દબદબો
- પંજાબ સિવાય દેશભરમાં ‘આપ’નો કરૂણ રકાસ
- બસપા-સપા-રાજદ-જેડીયુ-રાષ્ટ્રીય લોકદળનો સફાયો
- અમૃતસરમાં ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલીનો પરાજય
- કેન્દ્રીય મંત્રીઓ કપીલ સિબ્બલ, અજય માકન, ગુલામનબી આઝાદ, સલમાન ખુરશીદ સહિતના મોટાભાગના મંત્રીઓ પરાજિત
- આજે પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘ રાજીનામુ આપશે
- પદ્‌નામિત પ્રધાનમંત્રી ૨૧મીએ શપથ લેશે
- પાકિસ્તાનના પ્રધાનમંત્રી નવાઝ શરીફે મોદીને અભિનંદન પાઠવી મુલાકાતનું આમંત્રણ પાઠવ્યું
- પૂર્વ સંરક્ષણ મંત્રી જશવંતસિંહ બાડમેરથી પરાજીત
- રાહુલ ગાંધી અમેઠીથી એક લાખ સાત હજાર મતોથી જીત્યા
- ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી ડેવીડ કેમેરોને મોદીને અભિનંદન પાઠવી યુકેની મુલાકાત માટે આમંત્રણ આપ્યું
- ઓસ્ટ્રેલિયન પ્રાયમિનિસ્ટર ટોની એબોટે મોદીને અભિનંદન પાઠવી જી-૨૦ પરિષદમાં મુલાકાતની આશા વ્યક્ત કરી


